અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની વાર્ષિક આવક ₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની છે તેઓને "કેન્દ્ર સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના"ની ગાઈડલાઈન મુજબ, રાજ્ય સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ આપવા બાબત.

**નવી બાબત : વર્ષ-૨૦૨૬-૨૭**

**રકમ - ₹૧૮.૦૦ કરોડ**

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2025/2853/G,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ઈ-સાઈન મુજબ

**વંચાણમાં લીધા:-**

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક:DSCWG/WRN/e-file/224/2026/0722/G 1, તા.૦૭-૦૩-૨૦૨૬.

**આમુખ:-**

ગુજરાત રાજ્યમાં, અનુસૂચિત જાતિના (કુમાર અને કન્યા બન્ને) વિદ્યાર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ નિયમાનુસાર શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ યોજના હેઠળ આવક મર્યાદા ₹૨.૫૦ લાખ છે જે કેન્દ્ર સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિની કન્યા વિદ્યાર્થિનીઓ કે જેના કુટુંબની આવક ₹૨.૫૦ લાખથી વધુ હોય તેઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાજ્ય ફંડમાંથી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ આપવામાં આવે છે.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વંચાણે લીધેલ દરખાસ્ત પરત્વે, અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીની કુટુંબની વાર્ષિક આવક ₹૨.૫૦ લાખથી વધુ હોય તેવા કુમારને કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી શકાયેલ ન હોય, કન્યાઓની જેમ કુમાર વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ₹૨.૫૦ લાખથી ₹૬.૦૦ લાખ છે તેઓને રાજ્ય ફંડમાંથી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

કાળજીપૂર્વક વિચારણાને અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક, **₹૨.૫૦ થી ₹૬.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબના અનુસૂચિત જાતિના ૩૦૦૦ કુમાર વિદ્યાર્થીઓને "કેન્દ્ર સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના"ની ગાઈડલાઈન મુજબ રાજય સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ આપવા અંગેની ₹૧૮.૦૦ કરોડની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.**

<u>શરતો</u>:-

(૧) ભારત સરકારની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની વખતો વખતની ગાઈડલાઈન મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

(૨) ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની વખતો વખતની ગાઈડલાઈન મુજબ એકેડેમિક એલાઉન્સ તથા માન્ય નોન રીફન્ડેબલ ફી મળવાપાત્ર રહેશે.

(૩) ધોરણ-૧૦ અથવા ૧૨ પછીની ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ અથવા ૧૨ ની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ માર્ક્સ ધરાવનારને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ માં ૫૦% કે તેથી વધુ માર્ક્સ ધરાવનારને લાભ આપવાનો રહેશે.

(૪) ઉચ્ચ અભ્યાસ માટે ડીગ્રી/ડિપ્લોમામાં ૫૦% કે તેથી વધુ માર્ક્સનું ધોરણ રાખવાનું રહેશે.

(૫) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ રાખવાની રહેશે.

(૬) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઈ કરવાની રહેશે.

(૮) વિભાગે નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી / DBT Portal / C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૧)પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૨)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬)સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

**૨.** ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સેકટર | (ખ) સામાજીક સેવાઓ. |
| ૨ | સબ સેક્ટર | અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૩ | મુખ્ય સદર | ૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૪ | પેટા મુખ્ય સદર | ૦૧ – અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ૫ | ગૌણ સદર | ૨૭૭ – શિક્ષણ |
| ૬ | પેટા સદર | ૦૪ – SCW-6 |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૪-૦૫-૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

( સંતોષ વસાવા )

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં ગ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬.

****************************************************************************************************

Signature Not Verified

Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.05.16 15:23:07 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign